# મોડાસામાં માનવતા મહેંકી

## વરસતા વરસાદમાં અન્નપૂર્ણા ટ્રસ્ટ, મારૂતી વિકાસ મંડળે નિરાધાર પરિવારોને ગરમાગરમ ભોજન પીરસ્યુ

મોડાસા,તા. ૧

ગુજરાત રાજ્ય અને અરવલ્લી જિલ્લામાં છેલ્લા પાંચ દિવસથી મેઘરાજાએ રોદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. ત્યારે મોડાસા શહેરના ફૂટપાથ પર જીવન જીવવા સંઘર્ષ કરતા નિરાધાર પરિવારો અને ઝુંપડપટ્ટીવાસીઓ સતત વરસાદ વરસતામાં ચુલો પણ સળગાવી ન શકતાં કેવી રીતે ભોજન કરતા હશે તેવા વિચાર માત્રથી અન્નપૂર્ણા ટ્રસ્ટ અને મારૂતી વિકાસમંડળે બુધવારે સાંજના આશરે ૧૦૦ જેટલા પરીવારોને મુશળધાર વરસાદમાં ભોજન પુરૂ પાડતાં મોડાસામાં માનવતા મહેકી ઉઠી હતી અને વરસાદ વિરામ ન લે ત્યાં સુધી આ ઝુંપડપટ્ટીવાસીઓને ગરમા ગરમ રોટલી-શાકનું ભોજન પર્યાપ્ત કરવાનું નિર્ધાર કર્યો હતો.

મોડાસા શહેરમાં વર્ષોથી ગરીબ દર્દીઓને ફક્ત ૨ રૂપિયામાં એક ટંક ભોજન પુરૂ પાડતી અન્નપૂર્ણા ટ્રસ્ટ અને પ્રજાજનોને પડતી તકલીફોમાં મદદરૂપ થવામાં હંમેશા અગ્રેસર રહેતા મારૂતી વિકાસ મંડળ દ્વારા અરવલ્લી જિલ્લા અને સમાજ જીવનમાં અનોખુ ઉદાહરણ પુરૂ પાડ્યું હતું. અરવલ્લસી જિલ્લામાં છેલ્લા પાંચ દિવસથી પડી રહેલા મુશળધાર વરસાદમાં આસરે ૧૦૦ જેટલા ગરીબ પરીવારોને સાંજનું ભોજન પુરૂ પાડીને ઉદાહરણ રૂપે દાખલો બેસાડ્યો હતો. મોડાસા શહેરમાં ફૂટપાથ પર આશરો લઈ જીવન નૈયા હંકારતા અને શહેરમાં ઝુંપડપટ્ટીઓમાં રહેતા પરીવારોની સતત વરસતા વરસાદના લીધે ઝુંપડપટ્ટીઓમાં રહેલો ચૂલો પણ સળગાવી શક્યા ન હતા. ત્યારે મોડાસા શહેરની સેવાભાવી સંસ્થા અન્નપૂર્ણ ટ્રસ્ટ અને મારૂતી વિકાસ મંડળ દ્વારા મોડાસા શહેરના કોર્ટની સામે આવેલા નિરાધારો આશ્રીતોને મેઘરજ રોડ પર ટાઉન હોલ નીચે અને લઘુમતિ વિસ્તારમાં ડુઘરવાડા રોડ અને સર્વોદય બેંકની બાજુમાં ઝુંપડામાં રહેતા ૧૦૦થી વધારે પરીવારોને ગરમા-ગરમ શાક રોટલીનું ભોજન પુરૂ પાડતા ઝુંપડપટ્ટીમાં રહેતા બાળકો, મહિલાઓ અને વૃદ્ધોના ચહેરાઓ ખુશીથી ખીલી ઉઠ્યા હતા. આ કાર્યક્રમમાં મારૂતી વિકાસ મંડળના પ્રમુખ નિલેષભાઈ જોશી, ઉપપ્રમુખ ઉસ્માનગની બાયડીયા (હાજી), ધર્મેન્દ્રભાઈ ત્રિવેદી, જગદીશભાઈ પટેલ, અન્નપૂર્ણા ટ્રસ્ટના ઉપપ્રમુખ બિપીનભાઈ શાહે અને સ્વયંસેવકો દ્વારા રીક્ષા દ્વારા ગરીબો સુધી ભોજન પુરૂ પાડી શ્રમયજ્ઞ ઉઠાવ્યો હતો.



(તસવીર : જય અમીન, મોડાસા)

# પ્રાંતિજમાં ઉત્તર ગુજરાત વિજ કંપનીનું ઓરમાયુ વર્તન

પ્રાંતિજ, તા.૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ એપ્રોચ રોડ ઉપર આવેલ નિર્માણ કોમ્પ્લેક્ષમાં છેલ્લા ચાર દિવસથી વગર કોઈ મોટા ફોલ્ટ વગર લાઈટો બંધ રહેતા ઉત્તર ગુજરાત વીજ કંપનીમાં ચાર દિવસથી વારે ઘડીએ કમ્પ્લેઈન કરવા છતાં સોલ્વ ન થતા આ વિસ્તારના વેપારીઓ જોડે ઓરમાયુ વર્તન થતું હોય તેવું જણાઈ આવે છે.

પ્રાંતિજ એપ્રોચ રોડ ઉપર આવેલ નિર્માણ કોમ્પ્લેક્ષમાં છેલ્લા ચાર દિવસથી વિજ લાઈન બંધ હોવાની કમ્પ્લેઈન કરવામાંઆવી હતી અને શોપીંગમાં આવેલ વેપારીઓ દ્વારા અનેકવાર રજુઆતો કરવા છતાં ઉત્તર ગુજરાત વિજ કંપનીઆ શોપીંગ માટે ઓરમાયું વર્તન કરતા હોય તેવું લાગી રહ્યું હતું.

જયારે આ વિસ્તારમાં બેંકો, દવાખાના, શો રૂમો, ગેરેજો, બેટરીઓની દુકાનો, કરિયાણાની દુકાનો તથા ઠંડા પીણાની દુકાનો આવેલી છે. જયારે વેપારીઓ દ્વારા જીઈબી એન્જિનિયર ઉપાધ્યાયનો ફોન ઉપર કોન્ટેકટ કરતા તેવોનો ફોન ઈમરજન્સીમાં પણ ૨૪ કલાકથી વધુ બંધ આવતો હતો અને બીજા અધિકારીઓના ફોનમાં રીંગ જાય તો ઉપાડે નહી અને ઉપાડે તો હા માણસ આવશે. નહીં તો સાહેબ જોડે વાત કરો.

આ વિસ્તારના વેપારીઓને લાઈટ વગર રહેવાનો વારો આવ્યો છે. જયારે અન્ય વિસ્તારોમાં તથા આજુબાજુમાં વિજ પ્રવાહ ચાલુ હતો. જેથી વેપારીઓએ રોષે ભરાઈને દુકાનો બંધ કરી ભેગા મળી રેલવે સ્ટેશન ઉપર આવેલ ઓફિસે જઈ રુબરુ હંગામો કરતા ખાલી ૧૫ મિનિટમાં જ હેલ્પરો આવી ગયા હતા અને એક મિનિટમાં જ લાઈટ ચાલુ કરીને જતા રહ્યા હતા. આમ વેપારીઓને ૨૫૦૦૦ હજારથી પણ વધારેનું નુકશાન પહોંચ્યું હતું.

# અરવલ્લી જિલ્લામાં પણ પાટીદાર અનામતની આગ બુલંદ બની

મોડાસા, તા.૧

પાટીદાર અનામત આંદોલન આગ હવે અરવલ્લી જિલ્લામાં પણ પ્રસરી રહી છે. જિલ્લાના બાયડ તાલુકાના પાટીદારોએ આગામી ૧૦ ઓગષ્ટના રોજ બાયડ નગરમાં એક રેલીનું આયોજન કરી જિલ્લામાં પાટીદાર અનામત આંદોલનનું રણશીંગું ફુંકી દીધું છે.

રાજયમાં પાટીદાર અનામત વિવિધ જિલ્લામાં વેગ પકડી રહ્યો છે. આ આંદોલનની શરૂઆત મહેસાણા જિલ્લામાંથી થયા બાદ પાટીદારોએ પોતાને અનામતનો હક આપવા માટે રાજય સરકાર સામે રીતસર મોરચો માંડી દીધો છે. અરવલ્લી જિલ્લાના પાટીદારો પણ હવે ઠેર ઠેર મીટીંગોનો દોર આરંભી દઈ જિલ્લામાં અનામત આંદોલનનો પ્રારંભ કરી દેવા કમર કસી દીધી છે. બાળકોના અભ્યાસ, હોય કે નોકરી અથવા પ્રમોશન દરેક ક્ષેત્રે અન્ય જાતિઓના લોકોની અનામતનો વિશિષ્ઠ લાભ મળતો હોવાથી પાટીદારો હર હંમેશ પાછળ જ રહી જાય છે ત્યારે પાટીદારોએ જયાં સુધી અનામતનો લાભ મળશે નહિ ત્યાં સુધી ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન ચાલુ રાખવાનો નિર્ધાર કર્યો છે. ૧૦ ઓગષ્ટના રોજ બાયડ તાલુકાના પાટીદારો નગરમાં રેલીનું આયોજન કરી મામલતદારને વિધિવત આવેદનપત્ર આપવાનો કાર્યક્રમ નક્કી કર્યો છે.

# અરવલ્લી જિલ્લાના કેટલાક પેટ્રોલ પંપો પર ગ્રાહકોને આપવામાં આવતી સુવિધાના નામે મીંડુ

મોડાસા, તા. ૧

અરવલ્લી જિલ્લાના ૬૦ થી વધુ પેટ્રોલ પંપો પરથી રોજબરોજ લાખો લીટર પેટ્રોલ ડીઝલનું વેચાણ થાય છે. ત્યારે ગ્રાહકોને પેટ્રોલ પંપ પર પ્રાથમિક સુવિધા પુરી પડવાના કોઈપણ નિયમનું પાલન ઘણાખરા પેટ્રોલ પંપો પર ન થતા ગ્રાહકોમાં રોષ પ્રવર્તી રહ્યો છે ત્યારે વહીવટીતંત્ર આ મામલે કડક નીતિ અપનાવે તે આવશ્યક છે.

અરવલ્લી જિલ્લાના ૬૦ થી વધુ પૈકીના ઘણાખરા પેટ્રોલ પંપો પર વાહનમાં હવા ભરવાની, પીવાના પાણીની, સૌચાલ્યની અને સીસીટીવી કેમેરા સહિતની કોઈ પણ સુવિધા જોવા મળતી નથી. પેટ્રોલીયમ કંપનીના અને સરકારના નિમય મુજબ ગ્રાહકો માટેની ઉપરોક્ત તમામ સુવિધાઓ જે તે પેટ્રોલ કે ડીઝલ પંપ પર હોવી આવશ્યક છે ત્યારે આ સુવિધા આપવા માટે પંપ સંચાલકો દ્વારા કોઈ જ વ્યવસ્થા ઉભી કરવામાં આવતી નથી. આ મામલે જો કોઈપણ ગ્રાહક પંપ સંચાલક કે કર્મચારીને સુવિધા બાબતે જો કોઈ રજૂઆત કરે તો ઉલટો ચોર કોટવાલને દંડે તે નીતિ અપનાવી ગ્રાહકોને રીતસર હડધૂત કરી દેવામાં આવે છે.

પેટ્રોલ કે ડીઝલના ભાવ વધારાની જાહેરાત થાય તો ગણતરીની મિનિટમાં ભાવ વધારો અમલમાં મુકતા ન અચકાતા આવા પેટ્રોલ પંપો પર વહીવટીતંત્ર ચેકિંગ કરવામાં આવે તે જરૂરી છે.





(તસવીર : સમીર બલોચ, મોડાસા)

# પ્રાંતિજના વાઘરોટામાં તસ્કરો ત્રાટક્યા

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના વાઘરોટા ગામે રાત્રીના સમયે એક મકાનના તાળા તોડી અંદર પ્રવેશ કરી રૂપિયા ૨૯,૩૫૦ની મત્તાની ચોરી કરી પલાયન થતાં પોલીસ ફરિયાદ પ્રાંતિજ પોલીસસ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ તાલુકાના વાઘરોટા ગામે રહેતા અંકિતભાઈ રવિન્દ્રબાઈ સુતરીયા કે જેવો કોઈ કામ અર્થે ઘરના બધા બહારગામ ગયા હતા. ત્યારે રાત્રીના સમયે તેમના બંધ મકાનના તાળા તોડી તસ્કરો દ્વારા અંદર પ્રવેશ કરી અંદરથી સોનાનો દોરો, બુટ્ટીઓ, માતાજીની મૂર્તિ, ચાંદીના સિક્કા તથા ઘરમાં રહેલ ૩૦૦૦ રોકડ રકમ સહિત કુલ ૨૯૩૫૦ની ચોરી કરી પલાયન થતાં મકાન માલિકને જાણ થતાં તેવોએ પ્રાંતિજ સ્ટેશનમાં અજાણ્યા તસ્કરો વિરૂદ્ધ ફરીયાદ કરતાં પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# લોસ એન્જલસ પેશ ઓલિમ્પિકમાં વિજયનગરની દિવ્યાએ રજત પદક મેળવ્યું

મોડાસા, તા. ૧

અમેરિકાના લોસ એન્જલસ ખાતે આયોજીત સ્પેશયલ ઓલિમ્પિક રમતોમાં વિજયનગરની બાળાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરતા મેડલ પ્રાપ્ત કર્યો હતો. માનસિક રીતે વિકલાંગ દિવ્યા ડામોરે શોર્ટપુટ સ્પર્ધામાં રજત ચંદ્રક મેળવ્યાના સમાચારથી સમગ્ર ભારતમાં ખુશીનો માહોલ છવાયો હતો.



સાબરકાંઠાની દિકરી દિવ્યા ડામોરે પેરા ઓલિમ્પિકમાં ૧૦૦ મીટર દોડ, શોર્ટપુટ સ્પર્ધામાં ભાગ લીધો હતો. શોર્ટપુટ સ્પર્ધામાં સમગ્ર વિશ્વમાંથી આવેલા વિકલાંગ રમતવીરોને પાછળ રાખી દઈ દ્વિતીય સ્થાન મેળવી રજત ચંદ્રક હાંસલ કરી વિશ્વમાં ગરાસિયા આદિવાસી સમાજ અને ગામનું દેશભરમાં ગૌરવ વધાર્યું છે.



## ખેડબ્રહ્મામાં ગુરૂપૂર્ણિમા ઉજવાઈ

ખેડબ્રહ્મા ખાતે ગાયત્રી પરિવાર શકિતપીઠમાં સામુહિક યજ્ઞ કરી ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉપરાંત બ્રહ્માકુમારીઝ, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, જયોતિ હાઈસ્કૂલ, શેઠ કે.ટી. હાઈસ્કુલ ખાતે ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. સોમનાથ મહાદેવ મંદિરમાં ભંડારો યોજવામાં આવ્યો હતો. (તસવીર : રમેશ વૈષ્ણવ)

# અરવલ્લી જિલ્લામાં ગુરૂપૂર્ણિમાની ધામધૂમથી ઉજવણી

મોડાસા, તા. ૧

અરવલ્લી જિલ્લાના મોડાસાના દેવરાજ ધામ ખાતે ગુરૂપૂર્ણિમાના પર્વની ઉલ્સાસભેર ઉજવણી કરવામાં આવી હતી. આ ગુરૂપૂર્ણિમાનો મહિમા અષાઢ માસની પૂનમે આવે છે. ત્યારે મોડાસાના બાજકોટ ગામે દેવાયત પંડિતની સમાધિ દેવરાજ ધામ ખાતે ભક્તોનો જમાવડો જોવા મળ્યો હતો.

અરવલ્લી જિલ્લાનું દેવરાજ ધામ મોડાસા જે ટેકરીની ગોળમાં વસ્યું છે તે ધામમાં આજે ગુરૂપૂર્ણિમા નિમિત્તે ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. દેવરાજ મંદિર કે જ્યાં રામદેવજી ભગવાન હાજરાહજૂર માનવામાં આવે છે. તે જગ્યામાં મહંત ધન્ગીરી મહારાજ દ્વારા ગુરૂપૂર્ણિમાના પર્વની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવે.




(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

આ ધરતી પર ૭૫૦ વર્ષ પૂર્વે કુંવારીકા ભૂમિ શોધમાં નીકળેલા દેવાયત પંડિત મહારાજે આ જગ્યાએ જીવિત સમાધિ લીધી હતી. ત્યાર બાદ પરંપરાગત રીતે આ ગાદીએ શીશ ઝુકાવી આશીર્વાદ મેવતા હોય છે. ગુરૂપૂર્ણિમાના દિવસે લાખો શ્રદ્ધાળુઓ અહી આવતા હોય છે. શ્રદ્ધાળુઓ અને પદયાત્રીઓ માટે મંદિર સંસ્થા દ્વારા સુવિધાઓ પણ રાખવામાં આવે છે અહી ભજન અને ભોજનની સાથે સત્સંગ પણ રાખવામાં આવે છે.



મોડાસા શહેર ભાજપ દ્વારા ગુરૂપૂર્ણિમાના દિવસે સાંઈ મંદિર, રોકડીયા હનુમાન મંદિર, કોલેજ મહાકાળી મંદિર, ગણપતિ મંદિર, સગરવાડા મહાકાળી મંદિર, કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરના મહંતને ફુલહાર તથા શાલ પહેરાવીને આશીર્વાદ લીધા. જિલ્લા મહામંત્રી ધીરૂભાઈ પ્રજાપતિ, આશિષ સોની, અશોકભાઈ પટેલ, જિલ્લા મહિલા મોરચા પ્રમુખ નીતાબેન ભાવસાર તથા ગુણવંતીબેન કંસારા, અનીલ પટેલ, પ્રવીણ પટેલ, જીતુભાઈ પ્રજાપતિ વગેરે કાર્યકરોની ઉપસ્થિતિમાં ઉજવાયો.

# હિંમતનગરની ચીકુવાડીમાં ગળેફાંસો ખાધેલી હાલતમાં યુવતીનો મૃતદેહ મળ્યો

## મૃતદેહ પાસેથી મળેલા થેલામાં બે બિયારણના પડીકા અને એક ચિઠ્ઠી હતી

હિંમતનગર, તા. ૧

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાં ચીકુવાડીમાં ગળે ફાંસો ખાધેલી હાલતમાં ગુરૂવારે મોડી સાંજે યુવતીનો મૃતદેહ અંગેની જાણ હિંમતનગર એ-ડીવીઝન પોલીસને થતા પોલીસે સ્થળ પર પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગેની વિગત એવી છે કે અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના પાદર ગામે રહેતા રમેશભાઈ પટેલની દીકરી કિંજલ (ઉં.વ.૨૩)નું ચાર વર્ષ પહેલા નવા તખતપુરા ગામે થયા હતા. ત્યાર બાદ કિંજલ તેના ગામ પાદર રહીને મોડાસા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં ટીવાયબીએના પાંચમાં સેમેસ્ટરમાં અભ્યાસ કરતી હતી. ગત ૧૭મી જુલાઈના રોજ સવારે ઘરેથી તેના ભાઈ તેને બાઈક પર બેસાડી માલપુર બસ સ્ટેન્ડ પર મુકી આવ્યો હતો.. કિંજલ કોલેજમાં રીશીપ લેવા જવાનું કહીને નીકળી હતી ત્યાર બાદ રાત્રે ઘરે પરત ના ફરતા તેના કિંજલના પિતા રમેશભાઈએ માલપુર પોલીસ મથકે ગુમ થયા અંગેની જાણ કરી હતી. તો બીજી તરફ ૧૩ દિવસ બાદ ગુરૂવારે મોડી સાંજે હિંમતનગરમાં સહકારી જીન ચાર રસ્તા નજીક આવેલ ચીકુવાડીમાં ચીકુના ઝાડ સાથે એક યુવતીની ગળેફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ લટકી રહ્યો હોવાનું ચીકુવાડીના ચોકીદારે જોતા હિંમતનગર એ ડીવીઝન પોલીસમથકે જાણ કરી હતી. જેથી પોલીસ મથકના પીએસઆઈ એસ.એન. ગોહિલ અને જી.વી. ગોહિલ સ્ટાફ સાથે સ્થળ પર દોડી ગયા હતા. જ્યાં જોતા યુવતીનો મૃતદેહ ચીકુના ઝાડ સાથે દુપટ્ટો લટકેલો હતો અને યુવતી નીચે પડી રહેલી જ્યારે યુવતીનું માથુ શરીરથી અલગ હતુ અને મૃતદેહ ચુંટાયેલી હાલતમાં હતો. જેથી પોલીસે સ્થળ પર પંચનામું કરીને મૃતદેહને હિંમતનગર સિવિલમાં ખસેડાયેલ જ્યાં શુક્રવારે સવારે યુવતીના સગાસંબંધી આવ્યા બાદ મૃતદેહ પોસ્ટમોર્ટમ લઈ જવાયો હતો અને ત્યાર બાદ મૃતદેહને તેમના પરિવારજનોને સોંપ્યો હતો. આ અંગે તપાસ કરતા પીએસઆઈ જી.વી. ગોહિલે જણાવેલ કે લાશને દિવસ વધુ થયા હોવાથી વરસાદમાં લાશ કોહવાઈ ગઈ હતી અને લાશ પાસેથી એક થેલો મળેલો જેમાં બિયારણના બે પડીકા હતા. અને રોકડ તથા હાથથી લખેલ એક ચિઠ્ઠી હતી જેમાં લખેલ કે મેં જાતે જ આત્મહત્યા કરી છે. કોઈનોય વાંક નથી અને એક મોબાઈલ નંબર લખેલ જે તેના પતિનો હતો. હિંમતનગર એ ડીવીઝન પોલીસ મથકે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પ્રાંતિજ તથા તાલુકામાં ગુરૂપૂર્ણિમા મહોત્સવની ભવ્ય ઉજવણી

પ્રાંતિજ, તા. ૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના તીર્થસ્થાનો, આશ્રમોમાં ગુરૂપૂર્ણિમા મહોત્સવની ધામધૂમથી ઉજવણી ગુરૂભક્તો શિષ્યો દ્વારા કરવામાં આવી હતી.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજના પૌરાણિક જગતજનની મેલડી માતાજીના મંદિરે ભક્તોની હકડેઠઠ ભીડ રહેવા પામી હતી. નવચંડી હવન તેમજ માઈ ઉપાસક પંકજભાઈ ભગતના શિષ્યો દ્વારા ગુરૂપૂજન દુર્ગા ઉપાસના સ્તુતિ બટુક ભોજન મહાપ્રસાદના વિશિષ્ટ કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા. તો પૂરપીડિતો માટે પ્રાર્થના વગેરેના પ્રોગ્રમો થયા હતા. પિલુદરા ભીખરામ મહારાજના આશ્રમે તેમજ દલપુર જોગમાયા મંદિર આશ્રમે ગુરૂ ચંદ્રમા ગીરી મહારાજના શિષ્યો ભક્તો દ્વારા ગુરૂવંદના, પૂજન, પ્રસાદના કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા. તો સીતવાડા, દલપુર, સલાલરામદેવ પીર મંદિર, રાસલોડ હનુમાન મંદિર તથા પ્રાંતિજ તથા સમગ્ર પંથકમાં ગુરૂપૂર્ણિમા મહોત્સવની ભવ્ય ઉજવણીઓ મહાપ્રસાદના કાર્યક્રમો સંપન્ન થયા હતા. પુનાદરા આશ્રમે પણ સુંદર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

# કરલી ગામે મકાનની દિવાલ તુટી પડતા એકને ઈજા

ઊંઝા, તા. ૧

ઊંઝા તાલુકાના કરલી ગામે ઠાકોરવાસમાં એક મકાનની દિવાલ તુટી પડતાં અંદર દટાઈ જવાથી ઠાકોર ઉમેશજી મેઘાજીને શરીરે ગંભીર ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્તને ટ્રેક્ટરમાં દેણપ ગામે લઈ જવાયા હતા જ્યાંથી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે વિસનગર અને મહેસાણા હોસ્પિટલમાં ખસેડાયા હતા.

# ખેડબ્રહ્મા અંબિકા માતાજીમાં શ્રદ્ધાળુ ઉમટ્યા

ખેડબ્રહ્મા, તા. ૧

ખેડબ્રહ્મા અંબિકા માતાજી મંદિરમાં શુક્રવારના રોજ પૂનમ ઉજવવામાં આવી હતી. પૂનમના દિવસે વહેલી સવારથી જ ભક્તો ઉમટી પડ્યા હતા.

વરસાદી વાતાવરણ હોવા છતાં મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા. અંબિકા માતાજી મંદિર મેનેજર ઘનશ્યામ રહેવરના જણાવ્યા અનુસાર ભક્તોને પ્રસાદ માટે ૨૦ કીલો બુંદી વહેંચવામાં આવી હતી. ભક્તોને તકલીફ ન પડે તે માટે મંદિર ટ્રસ્ટ તરફથી ઉમદા વ્યવસ્થા કરવામાં આવી હતી.

# સાબરકાંઠાના વોંટડા ગામે આધેડનું સાપ કરડતા મોત

હિંમતનગર, તા.૧

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના વોંટડા ગામે રહેતા ખેતરમાં આવેલ તબેલામાં રહેતા પુજેસિંહ ગમાનસિંહ રાઠોડ (ઉ.વ.૬૫)ને ગુરુવારે રાત્રે તબેલામાં ખાટલામાં સુઈ રહ્યા હતા ત્યારે અચાનક ઝેરી સાપ કરડતા તાત્કાલિક તેમના દિકરા વિક્રમસિંહ પુજસિંહ રાઠોડ પુજસિંહને ૧૦૮ દ્વારા ગાંભોઈ સરકારી દવાખાને લઈ ગયા હતા જયાં પ્રાથમિક સારવાર લઈને વધુ સારવાર માટે હિંમતનગર સિવિલમાં ખસેડાયેલ. જયાં સારવાર દરમિયાન રાત્રીના ૧૨ વાગે પુજસિંહ રાઠોડનું મોત નિપજયું હતું. આ અંગે ગાંભોઈ પોલીસ મથકે વિક્રમસિંહ રાઠોડે જાણ કરતા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી ઘટતી કાર્યવાહી હાથ ધરી હતી.


SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE BATH FITTINGS
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ